


ઉમંગ

મારો કાવ્ય સંગ્રહ

ઉમંગ કાવ્ય સંગ્રહ

સ્કેન કરી કવિતા માણો



# ઉમંગ

મારો કાવ્ય સંગ્રહ

લાભુભાઈ ટી. સોનાણી

ઝગમગ

મારો કાવ્ય સંગ્રહ – 'ઉમંગ'

:: કવિ ::

કવિ – લાભુભાઈ ટી. સોનાણી (ઝગમગ)

:: ઉમંગ ::

:: કવિ ::
લાભુભાઈ ટી. સોનાણી (ઝગમગ)

:: મુદ્રક ::
સુરેશ એન. ત્રિવેદી
રત્ના પ્રિન્ટર્સ, ભાવનગર

:: પ્રકાશક ::
અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ

:: મૂલ્ય ::
રૂ. ૫૦/-

:: પ્રથમ આવૃત્તિ ::
તા.૨૩/૦૪/૨૦૨૩, રવિવાર,
સ્થળ : શ્રી એલ.ડી.મુની હાઈસ્કૂલ, સિહોર

:: પ્રત :: ૧૦૦૦

:: પ્રાપ્તિસ્થાન ::
શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા,
નવા ફિલ્ટર સામે, વિદ્યાનગર, ભાવનગર
ફોન નં. ૦૨૭૮ - ૨૪૨૩૯૧૭
મો. ૯૩૭૬૬૮૮૫૪


Email :- ltsonani@gmail.com
Website :- www.ltsonani.com
Faceback Page :- Labhubhai T. Sonani
Youtube Channel :- Shri Labhubhai T Sonani




## પ્રસ્તાવના

વહાલા વાચક મિત્રો,

આપના કરકમલમાં મારો પ્રથમ કાવ્યસંગ્રહ ''ઉમંગ' મૂકતા અત્યંત હર્ષની લાગણી અનુભવું છું

હૈયાનાં બાગમાં ઊગી નીકળેલા શબ્દોનાં છોડ પર બેઠેલી પ્રત્યેક કળી સુગંધનું સરનામું લઈને આવી છે ઊર્મિના ઓટલે કાશ તે કવિતા બની ગાઈ ઊઠશે.

''ગમતું મળે તો અલ્યા ભેળું ન કરીએ, ગમતાની કરીએ લ્હાણ''.

ઉપરોક્ત કાવ્યપંક્તિ મારા હૃદયને સ્પર્શી ગઈ છે. મારા આર્બીટનાં બટન અંતરની લાગણી ઝીલવા હંમેશા તત્પર રહે છે. કેટલીક વિદ્યાર્થીકાળમાં લખાયેલી કવિતાઓ પદ કુદી કુદી ગાઈ રહી છે. ''તારે નગર જવા અવકાશ મળે ને મારી યાત્રા ફળે, હૈયાનાં ભાવ આવી ચડે ને થોડા શબ્દની સરિતા કવિતા થઈ નીકળી પડે''

મને અક્ષરનાં ઓરડે સંવાદ કરવાનું ખુબ ગમે છે વળી માનવતાનો મબલક પાક લણવા સંસ્કારનું હળ ચલાવવા સંસારરૂપી ખેતરની એક પછી એક ઊથલ ફરતો રહું છું. મને એમ કરવા અંતરનો અવાજ સંભળાય છે. આત્માને ઢંઢોળી સત્યનું યુદ્ધ છેડવા કોઈ પરમશક્તિ પ્રેરે છે. કોઈવાર પીડિતોનાં ઉત્થાન માટે મારો અવાજ બુલંદ થઈ જાય છે. શોષિતોને ન્યાય અપાવવા મારી કલમ કાગળ પર પૂરપાટ દોડવા લાગે છે, જેથી જ કદાચ મને સંવાદ કરવાનું ગમે છે. ઊર્મિના ભાવોની રંગોળી પૂરી કવિતાનાં આંગણે તેની લહાણી કરવા માગું છું. છપ્પન વર્ષની વયે પ્રથમ કાવ્યસંગ્રહ લઈને આપની સમક્ષ આવી રહ્યો છું. 'ઉમંગ' કાવ્ય સંગ્રહમાં કુલ છપ્પન કાવ્યનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભીતરનાં ભેરુ સાથે મારો સંવાદ ચાલતો રહે છે. આ સંવાદ સભાખંડ, વર્તમાનપત્રો, સામયિકો, સોશિયલ મીડીયા, ચોપાનિયાઓ કે પુસ્તકનાં પાને સવાર થઈ આપ સૌ સુધી પહોંચતા રહે છે. કેળવણીનાં નવા આયામો સિદ્ધ કરવા મારી યાત્રા ચાલતી રહેશે... આપ સૌનો પ્રેમ તેને વેગ આપશે...

લાભુભાઈ સોનાણી (ઝગમગ)

તારીખ: ૨૩/૦૪/૨૦૨૩
સ્થળ : શ્રી એલ.ડી.મુની હાઈસ્કૂલ, સિહોર

## કવિ પરિચય

| | | |
|---|---|---|
| નામ | :- | લાભુભાઈ ટપુભાઈ સોનાણી (ઝગમગ) |
| જન્મ તારીખ | :- | ૧૫/૦૩/૧૯૬૭ |
| જન્મ સ્થળ | :- | તરસમિયા (ભાવનગર) |
| કાયમી સરનામું | :- | નિષ્ઠા કુંજ, ૧૪-બી, શિવાજી પાર્ક, મેરૂબાગ,<br>ફાતિમા કૉન્વેન્ટની બાજુમાં, ઘોઘા રોડ, ભાવનગર-૩૬૪ ૦૦૨ |
| પત્ર વ્યવહાર | :- | શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા,<br>નવા ફિલ્ટર સામે કૉલેજ રોડ, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪૦૦૧ |
| ફોન ઑફિસ | :- | (૦૨૭૮) ૨૪૨૩૯૧૭ |
| મોબાઈલ નંબર | :- | ૯૩૭૬૬૮૮૫૮૪ |
| વેબસાઈટ | :- | www.ltsonani.com |
| ઈ-મેલ | :- | ltsonani@gmail.com |
| ફેસબુક પેજ | :- | Labhubhai T. Sonani |
| યુ-ટ્યુબ ચેનલ | :- | Shri Labhubhai T Sonani |

| | | |
|---|---|---|
| લાયકાત | :- | બી.એ., બી.એડ્., સંગીત વિશારદ |
| કુટુંબ પરિચય | :- | જીવનસાથી : સ્વ. નીલાબહેન લાભુભાઈ સોનાણી<br>પુત્રી : નિષ્ઠા લાભુભાઈ સોનાણી |

સેવાકીય સંસ્થા સાથે જોડાણ :-

(૧) જનરલ સેક્રેટરી : શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા – ભાવનગર
રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખા ભાવનગર

(૨) ઉપપ્રમુખ : રાષ્ટ્રીય અંધજન મંડળ રાજ્યશાખા, અમદાવાદ

(૩) પ્રમુખ : શ્રી અંધ અભ્યુદય મંડળ, ભાવનગર
અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ, અમદાવાદ
ગુજરાત અપંગ સંસ્થા સંચાલક સંઘ, અમદાવાદ

આ ઉપરાંત રાજ્યની અનેક સંસ્થાઓ સાથે જુદા-જુદા હોદ્દા પર પોતાની સેવાઓ પ્રદાન કરી રહ્યા છે.

અન્ય પ્રકાશન :-

(૧) જીવનનો ધબકાર - મારી સ્મરણયાત્રા
(૨) સંવેદનાની શોધ
(૩) વિક્લાંગતા વિધેયક ૨૦૧૬નો સંક્ષિપ્ત અનુવાદ
(૪) ઉપવન
(૫) અનુભવની ઘટમાળ
(૬) અનુભવનો ઉજાસ
(૭) લાગણીનો દસ્તાવેજ
(૮) યાત્રાનો આનંદ

સત્કાર :-

વિવિધ સામાજિક સેવાઓ બદલ કવિ, લેખક અને સામાજિક કાર્યકર શ્રી લાભુભાઈ ટી. સોનાણીને વર્ષ-૧૯૯૭ થી લઈ આજ સુધીમાં રાજ્ય સરકાર અને અનેક સંસ્થાઓ દ્વારા વિવિધ ઍવોર્ડ અને સન્માપત્રોથી સન્માનિત કરવામાં આવેલ છે.





## સર્જકની કલમે

'ભાષા તારે નગર જવા હોડી શબ્દ થઈ મળે, જ્ઞાનદીપ ઠેર-ઠેર બળે.
અંધકાર ઉલેચવા આગિયા ચોમેર ફરે, શરમાઈ સૂરજનું અજવાળું આવી ચડે.
તારી સૃષ્ટિનું સરનામું મને જડે, યજમાન ઊમંગ તણું આંગણ દીપી ઊઠે.
મુલક માનવતાનો સજાવવા શમણાની ગાડી નીકળી પડે'.

અસ્ખલિત વાણીનાં પ્રવાહમાં અટવાયા વિના સફળ નાવિક તરીકે ભાષાનાં સાગરમાં આગળ વધવા નાવ હંકારી નિશ્ચિત મુકામે પહોંચવા મળેલી પ્રેરણા મારી કલમ વિચારનું વાવેતર કરવા આગળ વધતી રહે છે. ભાષાનાં નગરમાં એમણે કદમ ઉપાડી ઊર્મિની શાહી વડે ભાવો પીરસવા તર્પણ કર્યું છે. એમાંથી લેખો અને કવિતાઓ ઊતરી આવી છે. શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાનાં છાત્રાછયમાં રહી વિદ્યાર્થી અવસ્થામાં ધોરણ ૮ માં શ્રી વિશુદ્ધાનંદ વિદ્યામંદિરમાં અભ્યાસ કરતો હતો, ત્યારે શાળા તરફથી અંધજન તાલીમ કેન્દ્ર જામનગર સ્વરચિત કાવ્ય સ્પર્ધામાં ભાવ લેવા માટે જવાનું થયું હતું. અગાઉ એક પણ કવિતા લખી હોય એવું મને યાદ નથી. લખવું તો શું લખવું ? તે સમજાતું ન હતું. દેવાયત પંડિતની આગમવાણી સાંભળવા મળી અને જન્મ થયો એક કવિતાનો. આ કવિતા એટલે ''કળી રે યુગમાં વિજ્ઞાન વિખશું. દોરડે દીવા બળે રે'' સાવ સાદા શબ્દ પ્રયોગમાં લખાયેલ આ કવિતા વિજ્ઞાનની પ્રગત્તિનાં ગુણગાન ગાય રહી છે તેમ વાચકને લાગશે. પરંતુ ખરા અર્થમાં તેમણે મારૂં કલ્પનાજગત ખોલ્યું હતું. ત્યાર પછી નવી નવી કવિતા લખવા માટે ધીમી ગતિએ કલમ ચાલતી રહેતી હતી. અમદાવાદ ધોરણ ૧૦ માં વધુ એક પડકાર આવ્યો. અંધજન મંડળ અમદાવાદમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ પોતાની સ્વરચિત કવિતા ''સ્પર્શનું સ્પંદન'' વિષય પર ૨૪ કલાકમાં લખીને આપવાની હતી. બોર્ડની પરીક્ષા હોય મેં તેમાં ભાગ ન લેવો તેવું મન મનાવી લીધું હતું. દરેક ધોરણનાં વિદ્યાર્થીઓએ પોતાની કૃતિ ૧૨ થી ૧૫ કલાકમાં જમા કરાવી દીધી. પરંતુ ધોરણ ૧૦ માં અભ્યાસ કરતા ૨૮ વિદ્યાર્થી પૈકી સ્પર્ધા માટે એક પણ કૃતિ મળી નહિ. અમારા વર્ગ શિક્ષક શ્રી રણછોડભાઈ સોની દુઃખી થઈ ગયા. તેમણે વિદ્યાર્થીઓને સંબોધી પોતાનું નાક કપાવ્યું છે તેમ કહી દુઃખ વ્યકત કર્યું. હું તે સહન કરી શક્યો નહીં. મેં આ માટે વર્ગમાંથી બે કલાકની રજા આપવા રજૂઆત કરી. મને તે માટે રજા મળી ગઈ. મેં આયોજકોની શરત મુજબ ''સ્પર્શનું સ્પંદન'' વિષય પર કવિતા બ્રેઈલમાં તૈયાર કરી જમા કરાવી દીધી. મળેલ કૃતિઓની ચકાસણી કરી નિર્ણાયકોએ પરિણામ જાહેર કર્યું. ''"સંવેદના સ્પર્શ તારી ન્યારી'' કાવ્યકૃતિ પ્રથમ નંબરે આવી. આ રીતે મને વધુ એક સફળતા

મળી. ૮૦ નાં દાયકામાં શરૂ થયેલી મારી લેખનયાત્રા મારા આનંદ પૂરતી હતી. પરંતુ સાથીમિત્રોનાં આગ્રહથી મેં જુલાઈ ૧૯૯૫માં બ્રેઈલ હસ્તપ્રત તૈયાર કરી. જેનો અનેક વિદ્યાર્થીઓએ લાભ લઈ કાવ્યપઠન સ્પર્ધામાં સફળતા મેળવી છે. તેમણે ભાષાનું સૌન્દર્ય લૂંટવા ‘‘ઉમંગ’’ કાવ્ય સંગ્રહમાં લખાયેલા કાવ્યોથી પ્રેરિત થઈ પોતાની કલમ ઉપાડી છે. જીવનની સંધ્યાના રંગો જ્યારે ખીલ્યા છે ત્યારે છપ્પન વર્ષે મારો પ્રથમ કાવ્યસંગ્રહ ‘ઉમંગ’ આપના હાથમાં મૂકતા અત્યંત આનંદની લાગણી અનુભવું છું. જેનો સમયગાળો લગભગ ૩૦ વર્ષથી વધુ રહ્યો છે એવી આ કવિતાઓ જુદાજુદા સમયે લખાયેલી છે. જોકે વાચકો પાસે નિખાલસપણે મારે સ્વીકારવું જોઈએ કે કવિનાં નાં નિયમો કે છંદનું જ્ઞાન હું ધરાવતો ન હોવા છતાં હૃદયમાં પ્રગટેલા ભાવો પીરસવા "ઉમંગ" કાવ્યસંગ્રહ પ્રગટ કર્યો છે.

લાભુભાઈ ટી. સોનાણી (ઝગમગ)






## ઋણ સ્વીકાર

જ્ઞાનનાં હથોડે જેમણે મારુ ઘડતર કર્યું છે એવા ગુરુજનો, જીવનનાં પ્રત્યેક મોરચે જેમણે મને ટેકો કર્યો છે એવા પરિવારનાં સભ્યો, દિવંગત અને મારા જીવનસાથી નીલા, દીકરી નિષ્ઠાનો હું અંતરથી આભાર માનું છું. ‘ઉમંગ’ કાવ્ય સંગ્રહનાં તેઓ પ્રેરક રહ્યા છે. એટલું જ નહિ જીવનની પ્રત્યેક ક્ષણે તેમણે મને દોરવણી આપી યોગ્ય દિશાનું નિર્દેશન કર્યું છે. છપ્પન વર્ષની વયે છપ્પન કાવ્ય સંગ્રહનો સંપુટ આપ સૌને અર્પણ કરવા સ્નેહીમિત્ર શ્રી સુરેશભાઈ એન. ત્રિવેદી તથા શ્રી હિતેશ કે. સોલંકી (કૉમ્પ્યુટર ડિઝાઈન - ટાઈપ સેટિંગ) તેમજ રત્ના પ્રિન્ટીંગ પ્રેસ પરિવારનો અંતરથી આભાર માનું છું. પુસ્તકની જોડણી સુધારવા જેમણે શ્રમ ઉઠાવ્યો છે એવા શ્રી નિતાબેન રૈયા, ભાષાવિદ્ શ્રી ઘનશ્યામભાઈ બારૈયા, ટાઈપ સેટિંગ કરનાર શ્રી હર્ષ એન. ધ્રાંગધરિયા, પુસ્તકનું બ્રેઈલીકરણ અને પ્રુફ રિડીંગકરનાર શ્રી વિરભદ્રસિંહ ચૌહાણ, શ્રી હસમુખભાઈ ધોરડા તેમજ ઑડીયો રેકોર્ડીંગ અને કાવ્યપઠનમાં સહયોગ આપનાર શ્રી જિજ્ઞાબેન બધેકા તેમજ સમગ્ર સંસ્થા પરિવાર ઉપરાંત નામી-અનામી સૌ કોઈ મદદ કરનાર સ્નેહીજનોને ઊર્મિની શાહી અને વાણીનાં વૈભવથી વધાવું છું.

લાભુભાઈ સોનાણી







અનુક્રમણિકા :


| | | |
|---|---|---|
| ૧. | આજની ઘડી તે રળિયામણી | ૧૧ |
| ૨. | ઊર્મિની આગ | ૧૨ |
| ૩. | લૂઈ | ૧૩ |
| ૪. | ખબર નથી | ૧૪ |
| ૫. | વૈભવના સોગઠે રમાડું | ૧૫ |
| ૬. | ચાલો ચાલોને બ્રેઈલ | ૧૬ |
| ૭. | જ્ઞાનનું ફાનસ | ૧૭ |
| ૮. | દિવાળી | ૧૮ |
| ૯. | બા તારા બાગમાં | ૧૯ |
| ૧૦. | બ્રેઈલ કવિતા | ૨૦ |
| ૧૧. | લાગણીની સરિતા | ૨૧ |
| ૧૨. | સંવેદના ગીત | ૨૨ |
| ૧૩. | સમજાવું છું | ૨૩ |
| ૧૪. | હુંકાર | ૨૪ |
| ૧૫. | આકાશવાણી | ૨૫ |
| ૧૬. | સ્વાગત ગીત | ૨૬ |
| ૧૭. | દેશભકિત ગીત | ૨૭ |
| ૧૮. | ફોગટ ગાથા | ૨૮ |
| ૧૯. | વિજ્ઞાન ગાથા | ૨૯ |
| ૨૦. | સાક્ષરતા અભિયાન | ૩૦ |

## અનુક્રમણિકા :


| | |
|---|---|
| ૨૧. છલકે મલકે | ૩૧ |
| ૨૨. પંખી | ૩૨ |
| ૨૩. વર્ષાગીત | ૩૩ |
| ૨૪. તારી કલામાં માલંમમાલ છે | ૩૪ |
| ૨૫. બાળકાવ્ય | ૩૫ |
| ૨૬. વિદાયગીત | ૩૬ |
| ૨૭. લૂઈ બ્રેઈલ વંદના | ૩૭ |
| ૨૮. અણમોલ મુડી અમારી નિષ્ઠા | ૩૮ |






### ૧. આજની ઘડી તે રળિયામણી

હૈયું નાચે ને મુખ મલકાય છે રે, મિત્રો આજની ઘડી તે રળિયામણી
પ્રાંગણ પ્રજ્ઞાલોકનું સજાવીએ, ઉર ઉમંગની છોળો ઉડાવીએ રે,
મિત્રો આજની ઘડી તે રળિયામણી.
નવી દ્રષ્ટિનું તેજ રેલાવીએ, પ્રજ્ઞાલોકનું વિભુનું કાર્ય બિરદાવીએ રે,
મિત્રો આજની ઘડી તે રળિયામણી.
સેવાધર્મનું ગૌરવ વધારીએ, મહેક માનવતાની ફેલાવીએ રે,
મિત્રો આજની ઘડી તે રળિયામણી.
પ્રાર્થે 'ઝગમગ' પ્રમુને ભાવથી, કર્મયજ્ઞની જ્યોત જલાવીએ રે,
મિત્રો આજની ઘડી તે રળિયામણી.

### ૨. આશાનું આંગણું

આશાનું આંગણું સજાવા હૈયે ધરજે હામ,
માનવતાની મહેક ફેલાવવા સૌના કરજે કામ.
સુખ તારૂં સઘળું વહેંચી પ્રભુનું લેજે નામ,
હરિવર તારૂં શમણું દેખી શોધી લેશે મુકામ.
અંતરના ઓરડે ઝળહળે જ્ઞાનદીપ વિશાળ.
અજ્ઞાનતાના અંધારા ઉલેચી 'ઝગમગ' ઊંચકી લેજે મશાલ.

### ૩. ઊર્મિના અખાડે

ઊર્મિના અખાડે ચાલે વિષાદનો ચાકડો, કોવિડનો રૂઆબ તો ફાંકડો,
કેટલાં વિખાયા હશે પરિવાર એનો નથી આંકડો,
જિંદગીના ચોકમાં ઈશ બેસવા નથી રહ્યો બાકડો;
વિરહના ગામમાં દાવાનળ સળગે આકરો.
આશાના આંગણે મહેકતો હતો મોગરો.
શમણાની સુગંધ લઈ ઊડી ગયો કાગડો,
લાગણીનું ખેતર ખેડવા ઊંચક્યો'તો પાવડો,
ભૂખ ભાવનાની ભાંગવા માંડયો'તો તાવડો,
ઊર્મના અખાડે ચાલે વિષાદનો ચાકડો.

## ૪. ઊર્મિની આગ

પલે પલે તારો પ્રેમ અનેરો અંતરને મારા જલાવી રહ્યો છે.
વસમી વિદાયથી સળગી છે આગ હૈયે, ઝંખનાના બાગમાં ઊડે છે પતંગિયાં,
સ્નેહની સરિતા ગુમાવી રહ્યો છું, પલે પલે તારો પ્રેમ...

શમણાંના ચોકમાં ભ્રમણા ભમે છે, મજધારે આયખું આમતેમ ડોલે છે,
વિરહની આગમા સળગી ગયો છું, પલે પલે તારો પ્રેમ...

આરજુ હતી એ ભૂલવા મથું છું, પાગલ થઈ હું જીવતો રહું છું.
કિનારાની શોધમાં ભટકી રહ્યો છું, પલે પલે તારો પ્રેમ...

સપનાના ગામમાં ડગલું માંડયુ'તું, સુખનું સરનામું મેં કયા માંગ્યું'તું,
ઊર્મિના રણમાં રખડી પડયો છું, પલે પલે તારો પ્રેમ...

ગંગાની ગોદમાં કોરો રહ્યો છું, સાગરની સોડમાં અળગો રહ્યો છું,
ખોટા ઉધામા ખેલતો રહ્યો છું.
પલે પલે તારો પ્રેમ અનેરો અંતરને મારા જલાવી રહ્યો છે.

## ૫. ઓ લૂઈ સિતારા

ઓ લૂઈ સિતારા ઝુકાવ્યા તમે કષ્ટના મિનારા સંસાર–સાગર તારનારા,
ઓ લૂઈ સિતારા ઝુકાવ્યા તમે કષ્ટના મિનારા...
છ ટપકાંની લિપિ બનાવી આંખોના ઉલેચ્યા અંધારા,
ઓ લૂઈ સિતારા ઝુકાવ્યા તમે કષ્ટના મિનારા...
ચાર્લ્સ બારબિયરની લિપિ જાણી દુઃખ દીધાં સઘળાં ટાળી,
ઓ લૂઈ સિતારા ઝુકાવ્યા તમે કષ્ટનાં મિનારા...
મોતના મોરચે લડી બ્રેઈલની ત્રેસઠ–સંજ્ઞા બનાવી,
ઓ લૂઈ સિતારા ઝુકાવ્યા તમે કષ્ટનાં મિનારા...
દુનિયાભરની ભાષા 'ઝગમગ' છ બિંદુમાં સમાણી,
ઓ લૂઈ સિતારા ઝુકાવ્યા તમે કષ્ટનાં મિનારા...



## ૬. લૂઈ

લૂઈ બ્રેઈલની લિપિ લખવા બિંદુ ઉપસે કેવા !
અવતારી એ આત્માને નમન કરવા જેવા,
૧. અંધારા ઉલેચી એણે જ્ઞાનના દીધા દીવા,
લૂઈ બ્રેઈલની લિપિ લખવા બિંદુ ઉપસે કેવા !
૨. છ ટપકાંનો જાદુ લાવે અક્ષરનો ઉજાસ,
લૂઈ બ્રેઈલની લિપિ લખવા બિંદુ ઉપસે કેવા !
૩. ટેરવે ટેરવે આંખો ફૂટી દીઠું તેજ અપાર,
લૂઈ બ્રેઈલની લિપિ  લખવા ઉપસે બિંદુ કેવા !
અવતારી એ આત્માને 'ઝગમગ' નમન કરવા જેવા.
લૂઈ બ્રેઈલની લિપિ લખવા બિંદુ ઉપસે કેવા !

## ૭. જ્ઞાન મેળવી લો

જ્ઞાન મેળવી લો બ્રેઈલ લિપિમાં રે, બીજું માધ્યમ ના હોય જો.
નોંધ લખી લો બ્રેઈલ લિપિમાં રે, બીજું માધ્યમ ના હોય જો.
જ્ઞાન મેળવી લો...
પુસ્તક વાંચી લો બ્રેઈલ લિપિમાં રે, બીજું માધ્યમ ના હોય જો.
જ્ઞાન મેળવી લો બ્રેઈલ લિપિમાં રે, બીજું માધ્યમ ના હોય જો.
જ્ઞાન મેળવી લો...
ભણતર ભણતર તમે શું કરો રે, કોને ભણતર કહેવાય જો.
છ ટપકાંની બ્રેઈલ લૂઈ એ શોધી રે, એને ભણતર કહેવાય જો.
જ્ઞાન મેળવી લો...
શિક્ષણ શિક્ષણ તમે શું કરો રે, કોને શિક્ષણ કહેવાય જો.
સઘળા અંગો ગુમાવી હેલન ભણવાં બેઠાં રે, એને શિક્ષણ કહેવાય જો.
જ્ઞાન મેળવી લો...
ટૅકનોલૉજી ટૅકનોલૉજી તમે શું કરો રે, કોને ટૅકનોલૉજી કહેવાય જો.
તેજ આંખનું બની ઑરબીટ આવિયું રે એને જ્ઞાન મેળવી લો.
જ્ઞાન મેળવી લો.....

## ૮. ખબર નથી

કેટલી યોનીમાં ભટકી આવ્યો છું એની ખબર નથી,
મારી મંજિલના પંથની મને ખબર નથી.

ખબર છે એટલી કે ઈશના ઈશારે ચાલું છું,
આંખોમાં અંધારા આંજી અજવાળા નિહાળું છું.

જ્ઞાન પ્રકાશની પુંજી કમાવવા જીવન મારૂં વિતાવું છું,
ખાલી ખજાનો છલકાવી 'ઝગમગ' સંસાર તરવા ચાહું છું.

છતાં નથી ખ્વાશ 'ઝગમગ' કંઈ લઈ જવાની,
કારણ કેટલી યોનીમાં ભટકી આવ્યો છું એની ખબર નથી.

## ૯. ખોટો સિક્કો

શબ્દના નગરમાં ફરી ભાષાની ભાગોળે આવ્યો છું,
વિચારની ખેતી કરી લાગણીનો પાક ઉગાડું છું.

સૂરના સથવારે કોઈવાર અંતરના ભાવ વહેંચું છું,
શમાણાના ગામમાં પ્રભુ તારી લીલા નિહાળું છું.

ચમત્કાર તારો ને ગજ મારો ચલાવું છું,
અંકે સઘળું કરવા દંભના ચશ્માં પહેરું છું.

લીટી લાંબી કરવા અન્યની લીટી ભૂસું છું,
'ઝગમગ' ખુશીનો ભંડાર ખરીદવા ખોટો સિક્કો ચલાવું છું.





## ૧૦. ગીત – વૈભવના સોગઠે રમાડું

વૈભવના સોગઠે રમાડું હો, મનખ્યાં માનવ વૈભવના સોગઠે રમાડું.
મોહમાયામાં તને ફસાવું, સફળતાના થોડા શમણાં દેખાડું.
દુનિયાની આંખે દઝાડું હો, મનખ્યાં માનવ વૈભવના સોગઠે રમાડું.
જીવતરની બાજી તારી એવી સજાવું, સુખનું સરનામું એમાં લખાવું.
ઈચ્છાના આંગણે ઘુમાવું હો, મનખ્યાં માનવ વૈભવના સોગઠે રમાડું.
બાજી જીતવાની નિત ચાહ વધારું, લાગણીની કોડીના દાણા ચડાવું.
મજધારે નાવ ડુબાડું હો, મનખ્યાં માનવ વૈભવના સોગઠે રમાડું,
ભાતીગળ રંગોના સોગઠા બનાવું, ચતરંગી બાજીના દાવ સજાવું.
મતલબના માયરે નચાવું હો, મનખ્યાં માનવ વૈભવના સોગઠે રમાડું.
માટીની કાયા તારી માટીમાં મળશે, કર્મનું નાણું તારા આતમને જડશે.
વાંચી લેજે 'ઝગમગ' ધારા હો, મનખ્યાં માનવ વૈભવનાં સોગઠે રમાડું.

## ૧૧. ગુંજે વસુંધરાના સૂર

ગુંજે વસુંધરાના સૂર ચાલો ફરવા જઈએ દૂર,
આશાની રંગોળી દોરી ખોળી લઈએ નૂર,
ગુંજે વસુંધરાના સૂર ચાલો ફરવા જઈએ દૂર.....
ઊર્મિના સરનામે આવ્યું લાગણી કેરું પૂર,
ગુંજે વસુંધરાના સૂર ચાલો ફરવા જઈએ દૂર.....
ઉમંગની ઉષાના તેજે મસ્તી લૂંટશું ખૂબ,
ગુંજે વસુંધરાના સૂર ચાલો ફરવા જઈએ દૂર.....
હૈયાની હવેલી ખોલી ખુશીનો કરશું ધૂપ,
ગુંજે વસુંધરાના સૂર ચાલો ફરવા જઈએ દૂર.....
નર્મદાના નીર પખાળી સુખનો પીશું સૂપ,
ગુંજે વસુંધરાના સૂર ચાલો ફરવા જઈએ દૂર.....
ખુશીનો ખજાનો વહેંચી સૌને કરશું ચૂપ,
ગુંજે વસુંધરાના સૂર ચાલો ફરવા જઈએ દૂર.....

## ૧૨. ચાલો ચાલોને બ્રેઈલ

ચાલો-ચાલોને બ્રેઈલ સૌ ભણવાને, લઈ ચીપપાટી કાગળ લખવાને...
ચાલો ચાલોને બ્રેઈલ સૌ ભણવાને...
છ ટપકાંની સંજ્ઞા સજાવી કક્કો બારખડી મારે શીખવા છે.
ચાલો ચાલોને બ્રેઈલ સૌ ભણવાને...
છ બિંદુની હરોળ બે ગોઠવી છે, અક્ષર એમાંથી મારે લખવાં છે.
ચાલો-ચાલોને બ્રેઈલ સૌ ભણવાને...
ડાબી બાજુના ત્રણ બિંદુઓ લઈને સંજ્ઞા સાત મારે રચવી છે.
ચાલો ચાલોને બ્રેઈલ સૌ ભણવાને...
બીજી હરોળના બિંદુ ઉમેરી ત્રેસઠ સંજ્ઞા મારે શીખવી છે.
ચાલો ચાલોને બ્રેઈલ સૌ ભણવાને...
અનોખી લિપિ અજવાળા આપે એના વૈભવની વાતો મારે લખવી છે,
ચાલો ચાલોને બ્રેઈલ સૌ ભણવાને...

## ૧૩. ચિત્ર

સંવાદનું ચિત્ર જોવા હડિયું કાઢે હૈયું,
પાંખ વગરના પંખી તેં તો ગગન ઉપાડી લીધું,
કાળાં-ભૂરાં થડ ચીતર્યા લીલાં દોર્યા પાન,
મસ્ત મજાન ફૂલડા દેખી અંતર હરખે આજ,
'ઝગમગ' સારી દુનિયામાં છે સેવાધર્મ મહાન.

## ૧૪. જીવન

જીવન મારું સરિતાની જેમ વહી જાય છે,
વહેતું ઝરણું ઊર્મિનું જળ પાતું જાય છે.
જીવન મારું સરિતાની જેમ વહી જાય છે.....
બાળપણમાં આંખોની રોશની ગુમાવી,
અકાળે માતાની મમતા ઝૂંટવાણી,
વહાલો મારો ઉછેર કરવાને હાજર થાય છે.
જીવન મારું સરિતાની જેમ વહી જાય છે.....




કેળવણીના કોડ પૂરવાને કાજે,
સંગીતની મંડળી આવી તરસમિયા ગામે,
વહાલો મારો મિત્ર બનીને હાજર થાય છે.
જીવન મારું સરિતાની જેમ વહી જાય છે.....

ટેલિફોનની રિંગ રણકી ઊઠે છે,
શમણાંની સરવાણી હાલી નીકળે છે,
વહાલો મારો કિસ્મત બનીને હાજર થાય છે.
જીવન મારું સરિતાની જેમ વહી જાય છે...

પિતાનું છત્ર કેવું સજાવ્યું !
લાગણીનું ખેતર ચોમેર લહેરાયું,
વહાલો મારો પાક લણવાને પહોંચી જાય છે.
જીવન મારું સરિતાની જેમ વહી જાય છે...

ગમાર-ગામડિયાનું નસીબ પલ્ટાયું,
સુખનું સામ્રાજ્ય કેવું પથરાયું,
વહાલો મારો શક્તિ બનીને હાજર થાય છે.
જીવન મારું સરિતાની જેમ વહી જાય છે.....

બંધ આંખોમાં તેજ પૂરાયું,
આખું જગત જાણે એમાં સમાયું,
વહાલો મારો પ્રજ્ઞા બનીને હાજર થાય છે.
જીવન મારું સરિતાની જેમ વહી જાય છે.....



## ૧૫. જ્ઞાનનું ફાનસ

જ્ઞાનનું ફાનસ સળગાવા લાગણીનું દિવેલ પુર્યું છે,
અજ્ઞાનનું અંધારૂં દૂર કરવા ઊર્મિનું અજવાળું આપ્યું છે.
સૃષ્ટિના શણગાર માટે જીવન વિતાવી દીધું છે,
મહેંક માનવતાની ફેલાવા શમણું ત્યાગી દીધું છે.

માલિક તારી આંગળી પકડી અંધારૂં ખાળી લીધું છે,
ઈચ્છાના જગતનું મેં આકાશ આંબી લીધું છે.
દિવ્ય દ્રષ્ટિનો દરબાર સજાવા, હૃદય ધબકતું રાખ્યું છે,
પાંખ વગરનું પંખી છતાં ઉડાન માણી લીધું છે.

## ૧૬. દિવાળી

મોજ, મસ્તી ને ઘોંઘાટ કરતી આવી દિવાળી,
ઉર-ઉમંગનું વાજું લઈ આવી દીવાળી.
મોજ, મસ્તી ને ઘોંઘાટ કરતી આવી દિવાળી.
દોરી રંગોળી જાણે નાચે આખુંય મેદાન,
ફૂટે ફટાકડાં ને થથરે ઘરના કમાડ વિશાળ,
મોજ, મસ્તી ને ઘોંઘાટ કરતી આવી દિવાળી.
પાકે મીઠાં ભોજન, ચાખે નાના બાળ,
ભાખે સૌ વડિલ ભાવથી ખુશાલી લઈ આવી દિવાળી.
મોજ, મસ્તી ને ઘોંઘાટ કરતી આવી દિવાળી,
તરવરાટ આંખોમાં આંજી મસ્તી ખેલે યુવાન,
'ઝગમગ' ધમાલના ઘોડે ચડી આશાનું કિરણ લઈ આવી દિવાળી,
મોજ, મસ્તી ને ઘોંઘાટ કરતી આવી દિવાળી.

## ૧૭. પ્રવાસ ગીત

શાળામાંથી આવ્યા મારા દોસ્ત ચાલો ફરવા જઈએ,
નદીનો વૈભવ માણવા નર્મદા પહોંચી જઈએ,
ઊડે આનંદની છોળો હરખે હૈયું ખોલો.
શાળામાંથી આવ્યા મારા દોસ્ત ચાલો ફરવા જઈએ.
સરદારની સઘળી વાતો કાગળ પર ટપકાવો,
ભાવાવરણની ભાતો શબ્દોમાં સમજાવો,
શાળામાંથી આવ્યા મારા દોસ્ત ચાલો ફરવા જઈએ.



લાગણીનું ખેતર ખેડી મબલક પાક ઉગાડો,
મૈત્રીનો સેતુ જોડી જાણકારી સૌને આપો.
શાળામાંથી આવ્યા મારા દોસ્ત ચાલો ફરવા જઈએ.
આ વિચારનો વૈભવ આખો, ગામે-ગામ ફેલાવો,
ચિત્ર સંવાદનું દોરી જયજયકાર બોલાવો.
શાળામાંથી આવ્યા મારા દોસ્ત ચાલો ફરવા જઈએ.
માનવતાની મેડી મમતાની માટીએ બાંધો,
હવેલી હૈયાની ખોલી સૌ કોઈને આવકારો.
શાળામાંથી આવ્યા મારા દોસ્ત ચાલો ફરવા જઈએ.

## ૧૮. બા તારા બાગમાં

બા તારા બાગમાં ટક-ટક થઈ, બેની ને ભાઈ વચ્ચે રકઝક થઈ.
બા તારા બાગમાં ટક-ટક થઈ.

બેસવાને બાંકડો આપ્યો નહિ, બેને આપ્યો નહિ.
મકાઈ ઘાણીના પૈસા આપ્યા નહિ, ભાઈએ આપ્યા નહિ.
બા તારા બાગમાં ટક-ટક થઈ.

બેનીની વેણી ગુલાબવિહોણી શોભે નહિ, કાંઈ શોભે નહિ.
ભાઈના અબોલા તેને ટોકે નહિ, એને રોકે નહિ.
બા તારા બાગમાં ટક-ટક થઈ.
પૂરી ને ગાંઠિયા, ચોખ્ખાં ઘીની સુખડી ખાધી નહિ, કોઈએ ખાધી નહિ.
રમત અમારી સાવ જામી નહિ, સાવ જામી નહિ.
બા તારા બાગમાં ટક-ટક થઈ.

લાગણીની લાપસી રાંધો તમે, હવે રાંધો તમે.
ભાવનાની ભૂખ ઘણી લાગી મને ઘણી લાગી અમને.
બા તારા બાગમાં ટક-ટક થઈ.

## ૧૯. બ્રેઈલ કવિતા

ચાલો બ્રેઈલ લખીએ, ચાલો બ્રેઈલ ભણીએ;
કેવી મજાની લિપિ બ્રેઈલ ચાલો શીખીએ.
ભાષા સઘળી છ ટપકાંમાં કેદ કરી લઈએ;
સિમાડા ઓળંગી અમે ઝટપટ ભણવા જઈએ.
ચાલો બ્રેઈલ લખીએ, ચાલો બ્રેઈલ ભણીએ;
કેવી મજાની લિપિ બ્રેઈલ શીખી લઈએ.
બે હરોળમાં ટપકાં ગોઠવી ત્રેસઠ સંજ્ઞા કરીએ;
દુનિયાની ભાષાઓ અમે ઝટપટ શીખી જઈએ.
ચાલો બ્રેઈલ લખીએ, ચાલો બ્રેઈલ ભણીએ;
કેવી મજાની લિપિ બ્રેઈલ ચાલો શીખીએ.
ખીલી બોર્ડ, ચીપપાટી, બ્રેઈલર લખવા કામે લઈએ
ઓસરી ગયા અંધારા 'ઝગમગ' બ્રેઈલ તણા પ્રકાશે.
ચાલો બ્રેઈલ લખીએ, ચાલો બ્રેઈલર ભણીએ;
કેવી મજાની લિપિ બ્રેઈલ શીખી લઈએ.

## ૨૦. રીઝે આંખોનો દરબાર

રીઝે આંખોનો દરબાર સોહામણી શાળા જોઈ,
ઉરે આનંદ બહુ ઉભરાય સોહામણી શાળા જોઈ.
હિંમતના હલેસાં મારી હોડીને હંકારી લઉં,
બંધ આંખોમાં રમતા શમણાં આંખ ઉઘાડી વાંચી લઉં.
નાચે મનડું મારું આજ સોહામણી શાળા જોઈ.
દુનિયાની એ સઘળી માયા છ બિંદુમાં જાણી લઉં.
અંતરના અજવાળે જ્યોત જીવનની પ્રગટાવી દઉં,
નાચે હૈયું થનગન આજ સોહામણી શાળા જોઈ.
ચાલોને સૌ સંવેદનાના ગોતી લઈએ મોતી,



કેવી હશે એ શાળા એવું થતું મુજ મનમાં,
નાચે તનડું મારું આજ સોહામણી શાળા જોઈ.
રીઝે આંખોનો દરબાર સોહામણી શાળા જોઈ,
ઉરે આનંદ બહુ ઉભરાય સોહામણી શાળા જોઈ.

## ૨૧. લાગણીની સરિતા

મીઠાં મધને મીઠાં મેહુલા રે લોલ,
એથી મીઠી છે એની યાદ જો, યાત્રાનો આનંદ હવે નહિ મળે રે લોલ.
પચ્ચીસ વર્ષના વાણા વહી ગયા રે લોલ,
લાગણીનો લૂંટ્યો છે ભંડાર જો, યાત્રાનો આનંદ હવે નહિ મળે રે લોલ.
ઊર્મિની આંખ નિત ખૂલતી રે લોલ,
દિવ્ય દીઠો છે પ્રકાશ જો, યાત્રાનો આનંદ હવે નહિ મળે રે લોલ.
વેદનાના આંસુ સુકાઈ ગયા રે લોલ,
શમણાંનો ડુંગર છે વિશાળ જો, યાત્રાનો આનંદ હવે નહિ મળે રે લોલ.
ચાંદનીનું વર્તુળ વધે-ઘટે રે લોલ,
અવિચળ હતો એનો ભાવ જો, યાત્રાનો આનંદ હવે નહિ મળે રે લોલ.
આતમની ઓળખ 'ઝગમગ' રાખવી રે લોલ,
શરીર છે માટી તણું પિંડ જો, યાત્રાનો આનંદ હવે નહિ મળે રે લોલ.
મીઠાં મધુ ને મીઠાં મેહુલા રે લોલ,
એથી મીઠી છે એની યાદ જો, યાત્રાનો આનંદ હવે નહિ મળે રે લોલ.

## ૨૨. શાળા ગીત

આ શાળા અમારી માતા છે, અમ ભાવિની વિધાતા છે. (સ્થાયી),
છ એક ઓગણીસો બત્રીશમાં મંડાણ તેના મંડાણા છે. આ શાળા...

૧. ઉદ્યોગ, સંગીત શિક્ષણમાં વિદ્યાર્થી ઘણાં ભણનારા છે,
અહીં સહશિક્ષણના ધારા છે, સહપાઠી બહેનો અમારા છે. આ શાળા...

૨. નેતરવાળાની નિશાની છે, કહાની ઘણી પુરાણી છે.
લોઢાવાળાની પ્રદાની છે, એ અજોડ એક કહાની છે. આ શાળા...

૩. તવ ચપળતાની ચાવીએ અમ મેધાના દ્વારા ખોલ્યા છે.
તારી કીર્તિ ચૌદીશ ફેલાણી છે, અમ ઉરે એ ઉભરાણી છે. આ શાળા...

૪. દાતાઓની બલિહારી છે, એ સુંદર શાળા અમારી છે.
સુશોભિત શોભા ન્યારી છે, એ 'ઝગમગ'ને બહુ પ્યારી છે. આ શાળા...

આ શાળા અમારી માતા છે, અમ ભાવિની વિધાતા છે.
છ એક ઓગણીસો બત્રીસમાં મંડાણ તેના મંડાણા છે.
આ શાળા અમારી માતા છે અમ ભાવિની વિધાતા છે.

## ૨૩. સંવેદના ગીત

શાળામાંથી આવ્યા મારા દોસ્ત, દોસ્તો ઍન્જૉય કરો,
કૉલેજમાંથી આવ્યા મારા દોસ્ત, દોસ્તો ઍન્જૉય કરો.
પ્રજ્ઞાની પાંખે ફૂટી આંખો કાગળ પર ટપકાવો,
ભાવાવરણની ભાતો શબ્દોમાં ચમકાવો,
શાળામાંથી આવ્યા મારા... કૉલેજમાંથી આવ્યા મારા...
અંધારા ઉલેચી નાખો, અજવાળા પાથરી આપો,
અજબ-ગજબની વાતો સેવક બની રેલાવો.
શાળામાંથી આવ્યા મારા દોસ્ત, કોલેજમાંથી આવ્યા મારા દોસ્તો...
આ વિચારનો વૈભવ આખો, ગામે-ગામ ફેલાવો,
ચિત્ર સંવાદનું દોરી જયજયકાર બોલાવો.
શાળામાંથી આવ્યા મારા દોસ્ત, કોલેજમાંથી આવ્યા મારા દોસ્તો...
શમણાની સોગાદ આપી ઝગમગની ખુશિયો લાવો,
માનવતાની મેડી પથ્થર વિના ચણાવો.
શાળામાંથી આવ્યા મારા દોસ્ત, દોસ્તો, ઍન્જૉય કરો.
કૉલેજમાંથી આવ્યા મારા દોસ્ત, દોસ્તો, એન્જોય કરો.



## ૨૪. સમજાવું છું

લાગણીનું ખેતર ખેડવા શબ્દનું હળ ચલાવું છું,
નિંદાણ બધું દૂર કરવા વાણીની બેલી ચલાવું છું
શેઢે પહોંચી જીવરાજ તને ભેદ પૂરો સમજાવું છું.
માનવતાના મંત્રનો હું પાક ઉગાડવા ચાહું છું,
પલોઠી વાળી શિરામણ કરતા સાથ સહુનો માંગું છું,
'ઝગમગ' જરા સંભાળી લેજે,
સમય બની સમજાવું છું.

## ૨૫. શાળા ગીત - ૨

સોહામણી શાળા દેખાય, શાળા મારી કેવી રૂપાળી !
આંગણે આવ્યો છે આજ અવસર અનોખો,
બાલુડાં ભાવે સૌ ગાય,
શાળા મારી કેવી રૂપાળી !
ભવ્ય ભાતીગળ એનો છે ઈતિહાસ,
દિવ્ય દીપે છે દરબાર, શાળા મારી કેવી રૂપાળી !
મુંબઈનાં આંગણે પ્રજ્ઞાની પાંખ પર,
ઊંચેરું ભર્યું ઉડાન,
શાળા મારી કેવી રૂપાળી !
કોવિડના કાળમાં કેવા રંગો સમજાવ્યા !
હૈયે હરખ ઉભરાય,
શાળા મારી કેવી રૂપાળી !
અણમોલ અમારી છે મૂડ કીર્તિભાઈ,
'ઝગમગ'ના પૂર્યા છે કોડ,
શાળા મારી કેવી રૂપાળી... !

## ૨૬. હુંકાર

નજરું રાખું આભમાં, પગલું માંડું પાતાળમાં,
શાસનને સથવારે ચાલું, મુખ મલકાવું નયન ઉલાળું,
વાવરું તારું માધવ નાણું, કહેતો મારું ગાવું ગાણું,
એક સાંધવા તોડું તેર, ધાક જમાવવા મારું ઠેર.
અગડમ્ બગડા ઝગડમ્ ઝગડા,
'ઝગમગ' સુખી થવા પથડમ્ પથડા.

## ૨૭. ભ્રષ્ટચાર

ભ્રષ્ટચારી ભીષણ ભારી, કરતા ઝપાટો નેતા મારી કરાટો,
લાગે ભટકાશો કહેતા ચટાકો, કરતા કારી નોટ ઉજારી.
ભ્રષ્ટાચારી ભીષણ ભારી, દેતા દિલાસો મારતા તમાચો,
ખેલતા તમાશો, કયારે ધરાશો ?
વારી વારી કરતા ભારી, પૈસા જારી ભ્રષ્ટાચારી,
ભ્રષ્ટાચારી ભીષણ ભારી...

## ૨૮. સૂક્ષ્મ દ્રષ્ટિ

સૂક્ષ્મ દ્રષ્ટિ નાખું મારી, દેખું સર્જક સૃષ્ટિ તારી ;
પૂછું પ્રશ્ન માધવધારી, શાને સર્જ્યા નર ને નારી ?
સૂક્ષ્મ દ્રષ્ટિ નાખું મારી...
રાત્રે ટમકે કોટિ તારા, દિવસે ઝબકે સૂરજદાદા ;
પૂછું પ્રશ્ન જટાધારી, સઘળું રહસ્ય શાને ભારી ?
સૂક્ષ્મ દ્રષ્ટિ નાખું મારી...
મેઘધનુષની શોભા ન્યારી, ફૂલની સુગંધ લાગે પ્યારી ;
પૂછું પ્રશ્ન વૈકુંઠધારી, શાને સર્જી અમાસ અંધારી ?
સૂક્ષ્મ દ્રષ્ટિ નાખું મારી...



## ૨૯. આકાશવાણી

સૂણી નિત નિત આકાશવાણી, અજબ ગજબની વાતો જાણી ;
કોકિલ સરખી કોમળ વાણી, સુમન સરખી સુગંધ માણી,
સૂણી નિત નિત આકાશવાણી...

તારી પાંખે સંગીત ધમકે, જાણે આકાશ તારા ટમકે ;
શૂરવીર કેરાં દોહરાં ભલકે, કોટિ કવિના દીલડા છલકે.
સૂણી નિત નિત આકાશવાણી...

પ્રસાર-પ્રચાર ગામે-ગામે, રેડિયો ગાવે જાણે તારી નામે ;
જામે 'ઝગમગ' રેડિયો સામે, બેસી નિત તરસમિયા ગામે,
સૂણી નિત નિત આકાશવાણી...

## ૩૦. સ્પર્શનું સ્પંદન

સંવેદના સ્પર્શ તારી ન્યારી, તે ઉગારી અહલ્યા નારી,
વ્યાપક કેવી તારી કારી, દ્રષ્ટિહીનોની ખોલો બારી,
હૃદય મારું હંમેશ ડોલે, તારા નિત આ ગુણગાન બોલે,
ચેતાઓની મહારાણી, સીડી બની આ મનવાની,
જેથી પામ્યો અક્ષરધાની, 'ઝગમગ' લખું આ કવિવાણી.

## ૩૧. પ્રાર્થના ગીત

હે ! પ્રભુ પ્યારા દુઃખ હરનારા, સૃષ્ટિ સર્જનારા સુંદરતા બક્ષનારા.
હે ! પ્રભુ પ્યારા દુઃખ હરનારા...

૧. દેવોમાં પ્રભુ દેવ ગણાતા, ધર્મ બચાવવા અવતાર ધરનારા,
હે ! પ્રભુ પ્યારા દુઃખ હરનારા...

૨. માનવમાં પ્રભુ બુદ્ધિ મુકનારા, દૂર કરો અવગુણ અમારા,
હે ! પ્રભુ પ્યારા દુઃખ હરનારા...

૩. કર્મ કરવા પ્રભુ શકિત માંગુ છું, મુજ હૈયે તવ વાસ ચાહું છું,
હે ! પ્રભુ પ્યારા દુઃખ હરનારા...

૪. નાજુક મારું હૃદય ચલાવવા, કૃપા કરી મુજ પર મહાદેવા.
હે ! પ્રભુ પ્યારા દુઃખ હરનારા...

૫. તવ શરણોમાં મુજને સમાવવા, વંદુ છું પ્રભુ તવ ચરણોમાં,
હે ! પ્રભુ પ્યારા દુઃખ હરનારા, સૃષ્ટિ સર્જનારા સુંદરતા બક્ષનારા,
હે ! પ્રભુ પ્યારા દુઃખ હરનારા...

## ૩૨. સ્વાગત ગીત

આજ આનંદ બહુ મને થાય, મહેમાન તમે આવો ને...
હૈયું નાચે ને મુખ મલકાય, મહેમાન તમે આવો ને...
આજ આનંદ બહુ મને થાય...

૧. કેસર કુમકુમને પગલે પધારો તમે, આંગણિયે આવીને ઊભા'રો તમે,
મોતીડે વધાવું આજ, મહેમાન તમે આવો ને,
આજ આનંદ બહુ મને થાય...

૨. રાહ જોવ છું તમારી ઘણીઘણી, આવોને મહેમાન તમે દોડીદોડી,
સ્વાગત કરું છું આજ, મહેમાન તમે આવો ને,
આજ આનંદ બહુ મને થાય...

૩. કાજુ, એલચી, બદામ ને પીસ્તાવાળું, દૂધ પીવોને મહેમાન,
તમે આજે મારા થાવ, મોંઘેરા મહેમાન, મહેમાન તમે આવો ને.
આજ આનંદ બહુ મને થાય...

## ૩૩. યુવતીનું સ્પંદન

રાખી છે પ્રીતમ અહીં પથારી, ને કરી છે ફૂલની ફરતે કિનારી ;
પીવો પ્રીતમ દૂધની એક કટારી, રાખી છે પ્રીતમ અહીં પથારી.
સૂરજના તેજ છે મોટા, ભલે ખીલે ગુલાબ ગલગોટા,
આ પ્રેમ માટ ભલે તૂટે માત-તાતના જોટા, રાખી છે પ્રીતમ અહીં પથારી,
છે નાતજાતનાં ભેદ બહુ મોટાં, પ્રીતમ ભુલાવવા છે એ ખ્યાલ ખોટા,
આંતરજાતના થાય આ પાણ જોટા, ભલે જમાય ગુલાબપાક ને ગોટા,
રાખી છે પ્રીતમ અહીં પથારી...



## ૩૪. દેશ ભક્તિ ગીત

ઓ ભારત માતા રમતા બાલુડા સહુ ગાતા, ઓ ભારતમાતા.

૧. હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ પાળતા ધર્મ પોતાના,
ઓ ભારત માતા.....

૨. ભાઈ – ભાઈ ને બેની થઈને રહેતા સૌ સંગાથે,
ઓ ભારત માતા.....

૩. માન-સન્માનની પ્રથા પડાતી, આદર સહુના કરાતા,
ઓ ભારત માતા.....

૪. માત-પિતા ને ગુરુજનોને, દેવ કહી પૂજતા,
ઓ ભારત માતા.....

૫. લોકો માટે રાજ ચલાવવા મત સહુના લેવાતા,
ઓ ભારત માતા.....

૬. અખંડ ભારત માત અમારી, લોહી ભલે રેલાતા,
ઓ ભારત માતા રમતા બાલુડા સહુ ગાતા.....

## ૩૫. ૠતુગીત

વસંત આવી ફૂલડાં લાવી, સાથે આંબેરી ફળોને લાવી.

૧. આંબાની ડાળે કેરીઓ ઝૂલે, આંબાની ડાળે કોયલો બોલે ;
વસંત આવી હોરીને લાવી, રંગો ઉડાવી મજા કરાવી.
વસંત આવી.....

૨. વસંત તારી શોભા ન્યારી, ચાહે આંખો જોવા મારી ;
વસંત આવીને મહેંક ફેલાવી, મંજરી મહેકાવી મોજ કરાવી.
વસંત આવી.....

૩. વસંત આવીને પરીક્ષા લાવી, રજાઓ લાવી મજા કરાવી ;
વસંત આવી શું શું લાવી, કવિ 'ઝગમગ' ની ખુશીઓ લાવી.
વસંત આવી.....

## ૩૬. ફોગટ ગાથા

સોમવારે શાક સમારતાં સાકું બેસી ગઈ, તેથી હું નિશાળે ભણવા આવી શકી નહિ,
મંગળવારે મોજ મનાવવા માસીને ઘેર ગઈ, તેથી હું નિશાળે ભણવા આવી શકી નહિ.
બુધવારે બાની સાથે મામાને ત્યાં રહી, તેથી હું નિશાળે ભણવા આવી શકી નહિ.
ગુરૂવારે ગિલ્લી-ડંડા રમત રમવા રહી, તેથી હું નિશાળે ભણવા આવી શકી નહિ.
શુક્રવારે ચોવટ કરતી છાણા વીણવા રહી, તેથી હું નિશાળે ભણવા આવી શકી નહિ.
ઘડી વારમાં શનિવારે રજા પડી ગઈ, તેથી હું નિશાળે ભણવા આવી શકી નહિ.
નીલા કહે શીલાને હું આમ રખડતી રહી, ફોગટ બાના દેતી મારી જિંદગી બગડી ગઈ.

## ૩૭. કવિ નો કકળાટ

કે કરૂં કકળાટ એક કવિ તરીકે આ ગાવ ગાયન ; એક ગાયક તરીકે,
કહું શેર યા શબ્દ એક શાયર તરીકે,
દરખાસ્ત કરૂં એક માનવ તરીકે,
કે કરૂં કકળાટ એક કવિ તરીકે...

ભુલાઈ રહ્યું છે ભારત એક ભારત દેશ તરીકે,
ધ્રુજી રહ્યો છે ધર્મ એક ધર્મ તરીકે ;
ફેલાઈ રહ્યો છે આતંક એક આતંકવાદ તરીકે,
ભભકી રહયો છે ભ્રષ્ટાચાર એક ભીષણ ભાર તરીકે.
કે કરૂં કકળાટ એક કવિ તરીકે...

લડે છે માનવ એક દાનવ તરીકે,
લૂંટે છે ઈજ્જત એક શેતાન તરીકે;
રડે છે અબળા એક બેન તરીકે,
બચાવો આ દેશ એક નાગરિક તરીકે.
કે કરૂં કકળાટ એક કવિ તરીકે...

છે વિટંબણાઓ ઘણી એક પ્રશ્ન તરીકે,
દૂર કરવા છે એ દુરાચાર એક ઉત્તર તરીકે ;
યુવાન છે મહાન એક યોદ્ધા તરીકે,
જોવું છે ભારત એક આદર્શ દેશ તરીકે.
કે કરૂં કકળાટ એક કવિ તરીકે...



## ૩૮. વિજ્ઞાનગાથા

કળી રે યુગમાં વિજ્ઞાન વિખશું, દોરડે દીવા બળે રે,
નહિ બળદ નહિ ઘોડા કે હાથી, છતાં વાહનો દોડે રે.

૧. ધ્વનિનું પુનરાવર્તન કરવા ટેપ રેકોર્ડર બનાવે રે;
ને નહિ નજીક છતાં કરોડો લોકો ટી.વી પર ક્રિકેટ મેચ નિહાળે રે.
૨. મગજને કસતા ગણિતના કોયડાઓ,
કૉમ્પ્યૂટરે ગણાવે રે ને માનવીની મજૂરી મિટાવવા રોબટને રચાવે રે.
૩. ખોરાકનો સંગ્રહ કરવા રેફ્રીજરેટર વસાવે રે ;
ને ઉનાળાને ધમકી આપવા એરકંડિશન્ડ કામે લગાવે રે.
૪. ધરતીના પેટાળને ફોડી, તેલ ક્ષેત્રો શોધી કાઢે રે ;
ને ફૂંકાતાં પવનોને રોકી વિદ્યુત ઉત્પન્ન કરાવે રે,
૫. મુસાફરી ઝડપભેર કરવા, મૅગ્નેટ ટ્રેઈન દોડવો રે ;
ને નહિ આધાર થતા આકાશમાર્ગે વિમાન સર સર ઊડે રે.
૬. આકાશે ઉપગ્રહો છોડી ધ્વનિ તરંગો ફેલાવે ને,
સંદેશાની આપ-લે કરી જગતમાં વ્યવહાર વધારે રે.
૭. મોતના કોળિયામાંથી બચાવી નવું જીવન આપે રે ;
ને કૅન્સર જેવા દર્દને મિટાવવા, હરદિન કેડ બાંધે રે.
૮. હરપળે પ્રગતિ કરતાં મહેનતથી નવ થાકે રે ;
ને અવનવા અખતરા કરી સફળતાને પામે રે.
૯. શોધખોળનો ગોળ બનાવી પરમેશ્વરને હંફાવે રે ;
ને એટલું માની પૂરું ન કરતાં, નવું કરવા માગે રે.

## ૩૯. સ્વપ્નવી દુનિયા

સ્વપ્નવી દુનિયામાં તું રાચે છે,
કોરા કાગળમાં શું વાંચે છે ?
દેખી ડિસ્કો થાથા થૈયા નાચે છે,
સ્વપ્નવી દુનિયામાં તું રાચે છે.

રાંધ્યો ખોરાક ફરી ફરી તું રાંધે છે,
દિશા શૂન્ય બની બુકાની તું બાંધે છે,
માયાની મમતાએ માધવને આરાધે રે.
સ્વપ્નવી દુનિયામાં તું રાચે છે...
સંસ્કૃતિ છોડી ક્યાં તું ભાગે છે ?
પોપ મ્યુઝિકની ધૂને તું નાચે છે,
આખર મેલી મોહ મોક્ષ તું માંગે છે.
સ્વપ્નવી દુનિયામાં તું રાચે છે...

## ૪૦. સાક્ષરતા અભિયાન

ઘડતર ખાતર સાક્ષર બનો ભારતના સૌ નગરજનો,
પાટી પેન લઈ ગણિત ગણો,
નિરક્ષરતાને કલંક ગણો, ઘડતર ખાતર સાક્ષર બનો...
જો ભણતર ભણશે અભણજનો, ઉદ્ધાર થશે તો દેશ તણો ;
વળી, સ્વ ને તેનો લાભ ઘણો, શાનમાં સમજો સૌ અભણજનો.
ઘડતર ખાતર સાક્ષર બનો...
વાંચન-લેખન નિત કરો સઘળું અજ્ઞાન દૂર કરો ; અંગૂઠો ભૂલી તમે સહી કરો,
પ્યારા પ્યારા ભાઈ-બહેનો, ઘડતર ખાતર સાક્ષર બનો...

## ૪૧. દેશ કાજે

દેશ કાજે શાંતિ સાજે ગાંધી રાહે હિંસા જાહે ;
બોમ નાખે એ ઈશ્વર ન સાંખે, યૌવન જાગે આ આતંક ભાગે.
દેશ કાજે શાંતિ સાજે...
મંદિર મસ્જિદ ગામે ગામે, લડતા લોકો ઈશ્વર નામે ;
અલ્લાહ ઈશ્વર દિલમાં રાજે, જુઠા ઝગડે દીલડા દાજે.
દેશ કાજે શાંતિ સાજે...



## ૪૨. છલકે મલકે

કોઈનું દુખડું છલકે છે, ને મુખડું મારૂ મલકે છે,
કોઈનું દિલડું ધડકે છે ને મનડું મારૂ ભલકે છે.
કોઈનું દુખડું છલકે છે...
આતક જ્યાં ત્યાં ઝળકે છે, કોના કાજે ચળકે છે,
જે દુખડા દેખી હરખે છે, તે આપત્તિને ભરખે છે.
કોઈનું દુખડું છલકે છે...
હજુ ધર્મધ્વજા જ્યાં ફરકે છે ત્યાં કોમવાદ ખોટા ભડકે છે
એ લાખો આંખે ખટકે છે.
'ઝગમગ' પણ લખતા કલમ અટકે છે.
કોઈનું દુખડું છલકે છે...

## ૪૩. ખરડાઈ છે

વિવિધ રંગી ચિત્ર મારૂ, ડાઘથી ખરડાય છે,
પાંદડીઓ પુષ્પતણી ખીલ્યા વિના જ કરમાય છે.
વિવિધ રંગી ચિત્ર મારૂ...
પાન પરાગને પીવા દારૂ, જાણ શોખ મારો જણાય છે,
કોમ કોમના આપણ ભાઈ, શાને ! રક્ત રેલાય છે ?
વિવિધ રંગી ચિત્ર મારૂ, તાબે સઘળું કરવા સારું, કાવા-દાવા ખેલાય છે,
લખી ગઝલ આ ગાવા સારૂ બસ 'ઝગમગ' કલમ અહીં જ રોકાય છે.
વિવિધ રંગી ચિત્ર મારૂ...

## ૪૪. પંખી

કલરવ કરતાં પંખી ગમતાં, આમતેમ ઊડતાં ફરફર કરતાં.
કલરવ કરતાં પંખી ગમતાં...
તરુવર મળતા ડાળ ડાળ ફરતાં, સાથ સાથ શોધતા કણ કણ કરતાં.
કલરવ કરતાં પંખી ગમતાં...
વન વન ભમતાં શોર ગુલ કરતાં, માળે વળતાં સૂરજ ઢળતાં.
કલરવ કરતાં પંખી ગમતાં...
પ્રભાત ફૂટતાં ઝટપટ ઊઠતા, કલબલ કરતાં આકાશ ઊડતાં.
કલરવ કરતાં પંખી ગમતાં...

## ૪૫. કપટ

જ્યાં કપટનાં કંટક પથરાય છે, ત્યાં મારું દિલ ગભરાય છે;
જ્યાં પારકા સુખ હરાય છે, ત્યાં પ્રભુ પણ પીડાય છે.
જ્યાં કપટનાં કંટક પથરાય છે...
ફૂલ્યા ફૂગાય ફૂટી જાય છે એ યાદ કયાં રખાય છે ;
જ્યાં સત્ય ત્યજી ચલાય છે, ત્યાં ઠાલા ધર્મ પળાય છે.
જ્યાં કપટનાં કંટક પથરાય છે...
જે ઉપર ઉજળા દેખાય છે એ ભીતરમાં જુદા જ હોય છે ;
નિશાથી તો દિનકર પણ ડધાય છે, જાણી ને 'ઝગમગ' ઘવાય છે.
જ્યાં કપટનાં કંટક પથરાય છે.

## ૪૬. પ્રાર્થના

સર્જનહારી કલ્યાણકારી, દર્શન દયો પ્રભુ વારીવારી ;
મૃત્યુલોકની માયા ન્યારી, લાગે અમને તે અતિ પ્યારી.
સર્જનહારી કલ્યાણકારી...



શી શણગારી શૃષ્ટિ તારી ! તેના આભૂષણ નર ને નારી ;
અકળ ગતિ પ્રભુ તારી ન્યારી, સમજમાં પ્રભુ ના'વે મારી,
સર્જનહારી કલ્યાણકારી...
ભક્તિભાવને દિલમાં ભરજો, મન મંદિરીયે મુજને મળજો ;
'ઝગમગ' ને પ્રભુ માનવ કરજો, ભક્તિ ભજતા લાગે પ્યારી,
સર્જનહારી કલ્યાણકારી...

## ૪૭. વર્ષા ગીત

વાદળું રૂમઝુમ રૂમઝુમ જાય, ઉપર જુઓ આભમાં રે લોલ,
અંધકાર  ચોતરફ રેલાય, ઉપર જુઓ આભમાં રે લોલ.
વીજળી ઝગમગ ઝગમગ થાય, ઉપર જુઓ આભમાં રે લોલ.
વાદળું ગડગડ ગાય, ઉપર જુઓ આભમાં રે લોલ.
વર્ષા રીમઝીમ રીમઝીમ થાય, ઉપર જુઓ આભમાં રે લોલ.
પવન શીતળ શીતળ વાય, ઉપર જુઓ આભમાં રે લોલ.
સોડમ માટીની મહેકાય, ઉપર જઓ આભમાં રે લોલ.

## ૪૮. શ્રાવણ આવ્યો

શ્રાવણ આવ્યો શું શું લાવ્યો ? પરંપરા પર્વની લાવ્યો,
શ્રાવણ આવ્યો શું શું લાવ્યો ?
બેનીની રક્ષાને લાવ્યો, સાથે શીતળા સાતમ લાવ્યો,
શ્રાવણ આવ્યો શું શું લાવ્યો ?
ચાર – ચાર સોમવારનાં વ્રત લાવ્યો, આઠમની મધરાત લાવ્યો,
શ્રાવણ આવ્યો શું શું લાવ્યો ?
ઉપવાસ ને એકટાણા લાવ્યો, ખળખળ વહેતાં ઝરણાં લાવ્યો,
શ્રાવણ આવ્યો શું શું લાવ્યો ?
મીઠાં મધુરા ભોજન લાવ્યો, મોટા માનવમેળા લાવ્યો,
શ્રાવણ આવ્યો શું શું લાવ્યો ?

## ૪૯. તારી કલામાં માલંમાલ છે

તારી કલામાં માલંમાલ છે !
મા ની આંખોમાં વાલંવાલ છે.
સંથાનો સિંદૂર લાલંલાલ છે.
તારી કલામાં માલંમાલ છે...
સૂર્ય-ચંદ્રનાં તેજ અપાર છે !
સંસાર પર તારો આભાર છે.
તારી વચ્ચે મોહ મોટી દીવાલ છે.
તારી કલામાં માલંમાલ છે...
નિયત ગતિમાં દિવસ ને રાત છે,
તેથી જ કદાચ માનવને નિરાંત છે.
'ઝગમગ' કાલનો કોને ખ્યાલ છે ?
તારી કલામાં માલમ માલ છે...

## ૫૦. અમે બ્રેઈલ લિપિ ભણતા'તાં

અમે બ્રેઈલલિપિ ભણતા'તાં,
બ્રેઈલલિપિ લખતા વાંચતા ખુશ થવાની કેવી મજા ભાઈ,
ખુશ થવાની કેવી મજા !
અમે કક્કો બારખડી લખતા'તા,
કક્કો બારખડી લખતા લખતા શબ્દ લખવાની કેવી મજા ભાઈ,
શબ્દ લખવાની કેવી મજા !
અમે એ બી સી ડી લખતા'તા,
એ બી સી ડી લખતા લખતા અંગ્રેજી બોલવાની કેવી મજા ભાઈ,
અંગ્રેજી બોલવાની કે'વી મજા !
અમે લૂઈની લિપિ ભણતા'તા,
અમે ત્રેસઠ સંજ્ઞા શિખતા'તા
લૂઈની લિપિ ભણતા ભણતા શીખી જવાની કેવી મજા ભાઈ,
શીખી જવાની કેવી મજા !



## ૫૧. બાળકાવ્ય

ચાલો, ચાલોને બાળ સૌ ભણવાને, છ બિંદુની લિપિ શીખવાને ચાલો,
ચાલોને બાળ સૌ ભણવાને...
સાત અક્ષરની વર્ણમાળા ગોઠવી છે, સંજ્ઞા ત્રેસઠ એની રચવી છે ચાલો,
ચાલને બાળ સૌ ભણવાને...
કલમ પાટીને કાગળ લાવજો તમે, નવ વર્ણમાળા એમાં લખવી છે,
ચાલો, ચાલોને બાળ સૌ ભણવાને...
ડાબી બાજુના બિંદુ ત્રણ ગોઠવીને, પ્રથમ હરોળ માટે લખવી છે.
ચાલો, ચાલોને બાળ સૌ ભણવાને...
જમણી બાજુના બિંદુ ઉમેરીને, નવી સાત હરોળ મારે કરવી છે.
ચાલો, ચાલોને બાળ સૌ ભણવાને...
દસ આંગળીના ટેરવે જ્ઞાન નીપજે છે, એ વાત સાબિત મારે કરવી છે.
ચાલો, ચાલોને બાળ સૌ ભણવાને...

"બાળકોને બ્રેઈલ પ્રત્યે રૂચિ કેળવવા માટેનું કાવ્ય

## ૫૨. લઈને આવ્યો છું

આ કોઈ ચૂંટેલા શબ્દો નથી, મૂલ્યવાન સોગાદ લઈને આવ્યો છું,
ભાષાની ભરમાર પણ નથી, લાગણીનો વરસાદ લઈને આવ્યો છું.
આ કોઈ વાણીનો વૈભવ નથી,
ભિતરની ભૂમિમાં ઉગેલા વિચારનો ગુલદસ્તો લઈને આવ્યો છું.
ખીલી ઊઠશે જીવનની સોનેરી સંધ્યાના રંગો,
આશાના આંગણે આજ સંવાદ લઈને આવ્યો છું,
બંધ આંખોમાં માનવતાનું શમણું જોવા, માલિક આખો સૂર્ય ઉઠાવી લાવ્યો છું,
મુલાકાતના મંચ પર 'ઝગમગ' ઊર્મિનો ઉભરાટ લઈને આવ્યો છુ.

## ૫૩. વિદાયગીત

આવી વિદાયની વેળા અંતર રુએ ધટધટ અમારૂં આજ તમારા સંગે,
આનંદ ઉમંગે મળ્યા એકમેકના મન, અંતર રુએ ધટધટ અમારૂં આજ.
આવી વિદાયની વેળા અંતર રુએ ધટધટ અમારૂં આજ.
અસીમ પ્રેમભાવે ભીંજાણા અમે, સ્નેહના તારે બંધાય.
અંતર રુએ ધટધટ અમારૂં આજ.
આવી વિદાયની વેળા...

છે શુભેચ્છા એ જ અમારી મંગળ શુભ તમ થાય.
અંતર રુએ ધટધટ અમારૂં આજ.
આવી વિદાયની વેળા...

આશ અમારી રહેશે સદા એ મીઠાં સ્મરણો સંચવાય.
અંતર રુએ ધટધટ અમારૂં આજ...
આવી વિદાયની વેળા અંતર રુએ ધટધટ અમારૂં આજ.
આવી વિદાયની વેળા...

## ૫૪. સુંદર સુંદર

સંસ્થાના દાતાઓ પ્રત્યે લાગણી દર્શાવવા લખેલું ખાસ કાવ્ય :

'સુંદર સુંદર'

શબ્દો સુંદર, વિચાર સુંદર, સુંદર લાગણી ને પ્રતિભાવ,
દાતા હશે તો કેવા સુંદર એવું થતું મુજ મનમાં.
ઉદાહરણ સુંદર, સખાવત સુંદર, સુંદર સંકલન ને શરૂઆત,
દાતા હશે તો કેવા સુંદર એવું થતું મુજ મનમાં.
આગમન સુંદર, જોડાણ સુંદર, સુંદર હૈયે ભાવ અપાર,
દાતા હશે તો કેવા સુંદર એવું મુજ મનમાં.
આશા સુંદર, શ્રદ્ધા સુંદર, સુંદર 'ઝગમગ' છે પરિવાર
દાતા હશે તો કેવા સુંદર, એવું થતું મુજ મનમાં.



## ૫૫. લૂઈ બ્રેઈલ વંદના

વંદન હોજો હજાર, લૂઈ બ્રેઈલ તમને...
વંદન હોજો હજાર, લૂઈ બ્રેઈલ તમને વંદન હોજો હજાર.
બ્રેઈલલિપિના પ્રજ્વલિત પ્રકાશે દૂર કર્યા અજ્ઞાન,
લૂઈ બ્રેઈલ તમને...

છ ટપકાંની લિપિ બનાવી દિપાવ્યું કૂપરે ગામ, લૂઈ બ્રેઈલ તમને...
બ્રેઈલ લિપિના માધ્યમ આપી માન અપાવ્યા અપાર,
લૂઈ બ્રેઈલ તમને...

વિશ્વવ્યાપી શોધ કરીને ઉજાળ્યા અમ અંધકાર, લૂઈ બ્રેઈલ તમને...
મહામૂલી મોટી ભેટ ધરીને મેળવ્યા મહાત્માના નામ,
લૂઈ બ્રેઈલ તમને...

અંધજનોના ઝગમગ અવતારી આત્માએ દિવ્ય દ્રષ્ટિ ના દીધા,
વંદન હોજો હજાર, લૂઈ બ્રેઈલ તમને વંદન હોજો હજાર.....



## ૫૬. આણમોલ મૂડી અમારી 'નિષ્ઠા'

આણમોલ છે મૂડી અમારી હૈયે હિંમતની હેલી જગાડી,
આણમોલ છે મૂડી અમારી,
લક્ષ્મીની ભીડ ભાંગી, સ્નેહની સૂરાવલિ છેડી ;
નવ્વાણુંનાં ભૂકંપની આફત ટાળી, નિરાશા બધી ખાળી,
આણમોલ છે મૂડી અમારી,
સફળતાની સીડી આપી સઘળી ચિંતા બાળી ;
ઉરમહીં મહેકે શ્રદ્ધા દિસે આભ અટારી,
આણમોલ છે મૂડી અમારી,



નીકળ્યો હતો હું સોહામણું સપનું જોવા,
શ્રદ્ધાના ચોગઠે નિષ્ઠાએ સુવાસ ભરી દીધી.
આણમોલ છે મૂડી અમારી,
'ઝગમગ' તારી બે હજાર તેરની બીમારી હટાવવા,
મોરચો હાથમાં લઈ બાજી સંભાળી,
આણમોલ છે મૂડી અમારી.



નોંધ :-

નોંધ :-